બોલીવૂડના પ્રથમ સુપર સ્ટાર 'સ્ટાર' બન્યા

મુંબઈ,તા.૧૮

આનંદ ફિલ્મમાં મોત તો એક કવિતા હે સંવાદ બોલીને ચાહકોનાં દિલોદિમાગ પર છવાઈ છનાર હિંદી સિનેમાનાં પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાનું આજે મુંબઈમાં માંદગી બાદ અવસાન થયું હતું. મુંબઈમાં તેમનાં આશીર્વાદ આવાસ પર અવસાન થતાં કરોડો ચાહકોમાં આઘાતનું મોજું ફરી વળ્યું હતું. રાજેશ ખન્ના કાકાનાં નામથી વધુ લોકપ્રિય હતાં. ૬૯ વર્ષીય કાકાનાં અવસાનનાં સમાચાર ફેલાતાંની સાથે જ બોલિવુડનાં કલાકારો તેમનાં આવાસે પહોંચવા લાગ્યા હતાં. બપોરે મુંબઈ સ્થિત પોતાનાં આવાસ આશીર્વાદમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતાં. તેમનાં અંતિમ સંસ્કાર આવતીકાલે ગુરૂવારે જુહુમાં કરવામાં આવશે. રાજેશ ખન્ના ૧ એપ્રિલથી બિમાર હતાં. રોમાંસમાં સુપરસ્ટાર ગણાતા રાજેશ ખન્નાનાં જમાઈ અક્ષયકુમારે કહ્યું છે કે, તેમની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવે જ્યારે રાજેશ ખન્નાનું અવસાન થયું ત્યારે તેમનાં પત્ની ડિમ્પલ કાપડિયા, પુત્રી ટ્વિંકલ અને રિંકી ખન્ના હાજર રહ્યા હતાં. અક્ષયકુમાર અને પરિવારનાં અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતાં. તેમનાં નિધનનાં સમાચાર ફેલાતાંની સાથે જ ફિલ્મ જગત સાથે સંકળાયેલી હસ્તીઓ આશીર્વાદ પર પહોંચવા લાગ્યા હતાં. ચાહકોની સંખ્યાને ધ્યાનમાં લેતાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. નબળાઈની ફરિયાદનાં કારણોસર લીલાવતી હૉસ્પિટલમાં અશક્તિની ફરિયાદનાં કારણે શનિવારે રાજેશ ખન્નાને ફરીવાર લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં પરંતુ મંગળવારે તબીબોએ તેમને રજા આપી દીધી હતી. ૧૮૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલાં રાજેશ ખન્નાએ થોડાં દિવસો પહેલાં અપ્સરા એવોર્ડમાં ભાગ લીધો હતો. દિલીપકુમાર, મનોજકુમાર, સાયરાબાનુ જેવા ફિલ્મ જગતનાં દિગ્ગજ કલાકારો સાથે તેમને સન્માનિત કરાયા હતાં. રાજેશ ખન્ના ૧૯૬૦ અને ૧૯૭૦નાં દશકમાં ભારતીય સિનેમાનાં સુપરસ્ટાર હતાં. મહિલા ચાહકોની સંખ્યા ૬૦ અને ૭૦નાં દશકમાં વધારે જોવા મળી હતી. તેમને જોવા માટે પડાપડી થતી હતી. કાકાના નામથી તેઓ વધારે લોકપ્રિય હતાં. સફર, કટીપતંગ, સચ્ચા જુઠા, આન મિલો સજના, આનંદ, અમરપ્રેમ, મેરે જીવનસાથી જેવી મેગાહિટ ફિલ્મો ચાહકો ક્યારેય ભૂલી શકશે નહીં. ૧૯૬૯માં આરાધના અને ૧૯૭૫માં પ્રેમ કહાની વચ્ચેનાં ગાળામાં રાજેશ ખન્નાને ભગવાનની જેમ ચાહકો પૂજતા હતાં. ૧૯૬૫માં રાજેશ ખન્નાએ ધીમી ગતિએ શરૂઆત કરી હતી. તેમનું મૂળ નામ જતિન ખન્ના હતું. ૧૯૬૬માં આખરી ખત ફિલ્મ સાથે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. ચાર દશકથી પણ વધુ સમય સુધી તેઓ સક્રિય રહ્યા હતાં. ૧૦૬ એવી ફિલ્મો છે જેમાં તેઓ સોલો અભિનેતા હતાં. ૨૨ ફિલ્મોમાં બે હીરોના પ્રોજેક્ટમાં હતાં. આવેલી 'આરાધના' ફિલ્મથી રાજેશ ખન્ના સુપરસ્ટાર બન્યા હતાં. ત્યારબાદ ખામોશીમાં તેમની ભૂમિકાની પ્રશંસા થઈ હતી. ૧૯૬૯થી ૧૯૭૨નાં ગાળામાં રાજેશ ખન્નાએ સતત ૧૫ હિટ ફિલ્મો આપી હતી. કેટલાંક ફિલ્મી પંડિતો કહે છે કે, રાજેશ ખન્નાએ જે રેકોર્ડ સર્જ્યા છે તે હજુ સુધી તૂટ્યાં નથી. મુમતાઝ સાથેની તેમની જોડી લોકપ્રિય બની હતી. બંનેએ ૮ ફિલ્મોમાં જોડી જમાવી હતી અને તમામ ફિલ્મો હિટ રહી હતી. શર્મિલા ટાગોર, આશા પારેખ, ઝિન્નત અમાન જેવી અભિનેત્રીઓ સાથે તેમની જોડી જામી હતી. ૧૯૭૬ બાદથી તેમની ફિલ્મો નબળી સાબિત થવા લાગી હતી. એ એવો દશકો હતો જ્યારે સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની એન્ટ્રી થઈ હતી. અમિતાભ એ સમયગાળામા એંગ્રીયંગમેન તરીકે ઉભર્યા હતાં. અમિતાભની એંગ્રીયંગમેનની ભૂમિકા રોમેન્ટિક ફિલ્મો પર ભારે પડી હતી છતાં રાજેશ ખન્નાએ વચ્ચેનાં ગાળામાં સારી ફિલ્મો આપી હતી જેમાં ટીના મુનિમ સાથે સૌતન, આખિર ક્યોં, બેવફાઈનો સમાવેશ થાય છે. કાકા નામથી લોકપ્રિય રાજેશ ખન્નાએ માર્ચ ૧૯૭૩માં ડિમ્પલ સાથે લગ્ન કર્યાં હતાં, એટલે કે બોબી ફિલ્મ રજૂ થાય તે પહેલાં લગ્ન થયા હતાં. જોકે બંને અલગ થઈ ગયા હતાં પરંતુ તેમણે છૂટાછેડા લીધા નહતા. રાજેશ ખન્ના બિમાર હતાં ત્યારે ડિમ્પલે તેમની ખૂબજ કાળજી લીધી છે. તેમની બંને પુત્રી ટ્વિંકલ અને રિંકી અભિનયમાં ક્ષેત્રમાં ઝંપલાવી ચૂકી છે.અક્ષય રાજેશ ખન્નાને ખૂબજ સાચવતા હતાં.

જિંદગી કૈસી હૈ પહેલી હાય..... રાજેશ ખન્નાનાં અમર ગીતો

સદાબહાર અભિનેતા રાજેશ ખન્નાનું આજે અવસાન થયું હતું. રાજેશ ખન્નાનાં અવસાન સાથે બોલિવુડમાં જ નહીં બલ્કે કરોડો ચાહકોમાં પણ આઘાતમાં ગરકાવ થઈ ગયા હતાં. રાજેશ ખન્ના પર જે ગીતો બન્યાં હતાં તે ગીતો આજેપણ ચાહકોમાં સતત સાંભળવા મળે છે. આ ગીતોની યાદી નીચે મુજબ છે.

- જિંદગી કૈસી હે પહેલી હાય (આનંદ)
- મેરે સપનો કી રાની કબ આયેગી તુ (આરાધના)
- મૈને તેરે લિયે સાત રંગ કે સપને ચુને (આનંદ)
- કહીં દૂર જબ દિન ઢલ જાયે (આનંદ)
- જિંદગી પ્યાર કા ગીત હે (સૌતન)
- અચ્છા તો હમ ચલતે હૈં (આન મિલો સજના)
- અગર તુમના હોતે (અગર તુમ ના હોતે)
- ચલા જાતા હૂં કિસીકી ધૂન મેં (મેરે જીવનસાથી)
- ચિંગારી કોઈ ભડકે (અમરપ્રેમ)
- દિવાના લેકર આયા હે (મેરે જીવનસાથી)
- દિલ સચ્ચા ઔર ચેહરા જુઠા (સચ્ચા જુઠા)
- દિયે જલતે હૈ (નમકહરામ)
- ગોરે રંગ પે ના ઈતના ગુમાન (રોટી)
- હજારો રાહેં મુડ કે દેખી (થોડી સી બેવફાઈ)
- હમેં તુમસે પ્યાર કિતના (કુદરત)
- જય જય શિવશંકર (આપ કી કસમ)
- કરવટે બદલતે રહે (આપ કી કસમ)
- જીવન સે ભરી તેરી આંખે (સફર)
- કભી બેબસી ને મારા (અલગ અલગ)
- કોરા કાગઝ થે યે મન મેરા (આરાધના)
- કુછ તો લોગ કહેંગે (અમરપ્રેમ)
- મેં શાયર બદનામ (નમકહરામ)
- મેરે દિલ મેં આજ ક્યા હે (દાગ)
- મેરે દિલ મેં તડપ કે (અનુરોધ)
- હમ દોનોં દો પ્રેમી (અજનબી)
- મેરે નૈના સાવનભાદો (મેહબુબા)
- મેરે પ્યારી બહેનિયા બનેગી દુલ્હનિયા (સચ્ચા જુઠા)
- ઓ મેરે દિલ કે ચૈન (મેરે જીવનસાથી)
- પ્યાર દિવાના હોતા હે (કટી પતંગ)
- રૂપ તેરા મસ્તાના (આરાધના)
- શાયદ મેરી શાદી કા ખ્યાલ (સૌતન)
- વો શામ કુછ અજીબ સી (ખામોશી)
- યાર હમારી બાત સુનો (રોટી)
- યહાં વહાં સારે જહાં મેં (આન મિલો સજના)
- યે જો મહોબ્બત હે (કટી પતંગ)
- યે ક્યા હુઆ (અમરપ્રેમ)
- યે શામ મસ્તાની (કટીપતંગ)
- જિંદગી કા સફર (સફર)
- જિંદગી કે સફર મેં (આપકી કસમ)

રાજેશ ખન્ના પ્રોફાઈલ...

જન્મનું નામ	:	જતિન ખન્ના
લોકપ્રિય નામ	:	રાજેશ ખન્ના
જન્મતારીખ	:	૧૯ ડિસેમ્બર,૧૯૪૨
જન્મસ્થળ	:	અમૃતસર (પંજાબ)
પ્રથમ ફિલ્મ	:	૧૯૬૬માં આખિરી ખત
મૃત્યુ તારીખ	:	૧૮ જુલાઈ ૨૦૧૨
મૃત્યુ સ્થળ	:	મુંબઈ (ભારત)
અન્ય નામ	:	જતિન ખન્ના, કાકા, આરકે
પ્રોફેશન	:	અભિનેતા, નિર્માતા
સક્રિય વર્ષ	:	૧૯૬૬ થી ૨૦૧૨
પત્ની	:	ડિમ્પલ કાપડિયા (૧૯૭૩-૮૪)
બાળકો	:	ટ્વિંકલ અને રિંકી
વિશેષ સિદ્ધી	:	ત્રણ ફિલ્મફેર એવોર્ડ ૨૫ વખત નોમિનેશન બેસ્ટ એક્ટર માટે સિંગલ લીડ હીરો તરીકે ૧૨૮ ફિલ્મો કરી લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ (૨૦૦૯)
ફિલ્મોમાં ગાળો	:	ચાર દશકથી વધુ

આજે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી

નવી દિલ્હી, તા.૧૮

જેની ઉત્સુક્તાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે દેશનાં ૧૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી આવતીકાલે યોજાનાર છે. યુપીએનાં ઉમેદવાર પ્રણવ મુખર્જીની જીત નિશ્ચિત દેખાઈ રહી છે પરંતુ એનડીએનાં ઉમેદવાર પી.એ.સંગમા સાથે તેમની સ્પર્ધા છે. તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે.

દેશના ૧૪ મા રાષ્ટ્રપતિની આજે ચૂંટણી યોજાશે. ચૂંટણી માટેના મતદાન ભારે સંસદભવન અને રાજ્ય વિધાનસભા સંકુલોમાં વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએના ઉમેદવાર પ્રણવ મુખર્જીનો સીધો મુકાબલો ભાજપ સમર્પિત પી. એ. સંગ્મા સામે છે. અધિકારીઓનાં જણાવ્યા મુજબ રાષ્ટ્રીય રાજધાની નવીદિલ્હીમાં સંસદભવનના પ્રથમ માળે રૂમ નંબર ૬ ૩માં મતદાન બૂથ બનાવવામાં આવ્યું છે. જ્યાં સાંસદો અને ધારાસભ્યો સવારે ૧૦ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન કરી શકશે. આ પ્રમાણેની વ્યવસ્થા તમામ રાજ્યોની વિધાનસભામાં કરાઈ છે.

સંસદભવનમાં મતદાન અધિકારીઓના છ ટેબલ રહેશે.ચૂંટણી મંડળના સભ્યોના નામ ક્રમવાર તેમનામાં વિભાજીત કરી દેવાશે. દરેક ટેબલની પાસ લાગેલા બોર્ડ પર મતદાતાઓનો ક્રમાંક દર્શાવવામાં આવશે. મતદાન માટે છ મતદાન રૂમ બનાવાયા છે. રાષ્ટ્રપતિ ચૂંટણીની મતદાર યાદીમાં સંસદ અને રાજ્ય વિધાનસભાના કુલ ૪૮૯૬ સભ્યો સામેલ છે. જેમાં રાજ્યસભાના ૨૩૩ અને લોકસભાના ૫૪૩ ઉપરાંત વિવિધ રાજ્યોની વિધાનસભાના ૪૧૨૦ સભ્ય છે. લોકસભા અને રાજ્યસભાના અંદાજે ૭૭ સાંસદોએ ચૂંટણી પંચ પાસે પોતાના ગૃહ રાજ્યમાં મતદાન કરવા લેખિતમાં મંજૂરી માંગી છે. જ્યારે વિવિધ રાજ્યોના આઠ ધારાસભ્યોએ દિલ્હીમાં મતદાન કરવાની મંજૂરી માંગી છે. ચૂંટણીપંચ આ લોકોને મંજૂરી આપી દીધી છે. આ અંગે સંબંધિત રાજ્યોમાં સહાયક ચૂંટણી અધિકારીઓ નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. દિલ્હીની બહાર મતદાન કરવાની ઈચ્છા જગાવનાર સાંસદોમાં તૃણમુલ કોંગ્રેસ સહિતના વિવિધ દળોના સાંસદો સામેલ છે.

તમિળનાડુમાં ૨૩૪ ધારાસભ્યો ઉપરાંત લોકસભા અને રાજ્યસભાના ૧૫ સાંસદો ચેન્નઈમાં મતદાન કરશે. મતગણતરી ૨૨મીએ ૧૧ વાગે શરૂ થશે. ચૂંટણી માટે રાજ્યસભાના મહાસચિવ વિવેક કુમાર અગ્નિહોત્રીને ચૂંટણી અધિકારી બનાવાયા છે.દરમિયાન એ.રાજા અને ડીએમકેનાં સાંસદ કાનીમોઝીને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરવાની મંજુરી આપી દેવામાં આવી છે. ટુજી સ્પેક્ટ્રમ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલાં રાજા અને કાનીમોઝીને દિલ્હી કોર્ટે મંજુરી આપી છે. રાજા તમિળનાડુમાં નિલગીરી મતવિસ્તારમાંથી સાંસદ છે જ્યારે રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ છે. બંનેએ આવતીકાલે કોર્ટમાં અંગત હાજરીમાંથી મુક્તિની માંગણી કરીને કહ્યું હતું કે, સંસદના સભ્યો હોવાથી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેઓ ભાગ લેશે. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓ.પી.સૈનીએ તેમની મૌખિક રજૂઆત માન્ય રાખી હતી.

મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને હવે વધુ નાણાં ચૂકવવા પડશે

મુંબઈ,તા. ૧૮

મ્યુચ્યુઅલ ફંડ મૂડીરોકાણ માટે વધારે નાણાં ચૂકવવા માટે લોકોને તૈયાર થઈ જવાની જરૂર છે. રોકાણકારો માટે હવે તેમના રોકાણ બદલ વધુ નાણાં ચૂકવવાનો તબ્બો તૈયાર થઈ રહ્યો છે. સેબી દ્વારા નિમણૂંક કરવામાં આવેલી એડવાઈઝરી કમીટિની ભલામણોને જો માર્કેટ રેગ્યુલેટર સ્વીકારી લેશે તો મ્યુચ્યુઅલ ફંડ મૂડીરોકાણકારોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાવામાં આવેલા દરેક રૂપિયા ૧૦,૦૦૦ માટે ૬૦ રૂપિયા વધુ ચૂકવવા પડશે. જો કે આના માટે શરત રહેશે. આના માટેની રૂપરેખા ટૂંક સમયમાં તૈયાર કરી લેવામાં આવશે. સેબીના સૂત્રોએ આ

મુજબની માહિતી આપી છે. ખર્ચના રેશિયોમાં વધારો ૨૫ બેઝીક પોઈન્ટ સુધીનો રહે તેમ માનવામાં આવે છે. મેનેજમેન્ટ ફી, માર્કેટિંગ ખર્ચ, ટ્રાયલ કમીશનમાં ખર્ચની વિગતો તૈયાર થઈ રહી છે. મૂડીરોકાણકારોને ખર્ચ રેશિયો ઉપર સર્વિસ ટેક્સની ચૂકવણી કરવી પડશે. એન્ટ્રી લોડ ને ફરી રજૂ કરવામાં આવશે નહીં. રેગ્યુલેટર પાસે કેટલીક ભલામણો પહોંચી રહી છે. જો રેગ્યુલેટર દરખાસ્તો ઉપર માની જશે તો સારા મેનેજ ફંડ હાઉસ ફંડ મેનેજમેન્ટ ખર્ચમાં બચત કરી શકશે જેથી તેમના ડિસ્ટીબ્યુટરને વધુ ફાયદો થશે. સેબીની કમીટિ ઈક્વિટી સ્કીમમાં એક્ઝિટ લોડના ઉપયોગમાં પણ ફેરફાર કરવાની પણ યોજના ધરાવે છે. લાબાંગાળાના મૂડીરોકાણકારોને વળતર આપવાનો આની પાછળ હેતુ છે. ઈન્ડસ્ટ્રી સૂત્રોના જણાવ્યા મુજબ મ્યુચ્યુઅલ ફંડ એડવાઈઝરી કમીટિ એવી દરખાસ્ત ધરાવે છે કે ખર્ચના રેશીયોને ૨૫ બેઝીક પોઈન્ટ સુધી વધારવો જોઈએ. સાથે સાથે મૂડીરોકાણકારોને સર્વિસ ટેક્સની ચૂકવણી કરવી પડશે. હાલમાં આ વ્યવસ્થા ફંડ હાઉસ દ્વારા હાથ ધરવામાં આવે છે. હાલમાં ફંડ હાઉસને ઈક્વિટી સ્કીમમાં પ્રતિ વાર્ષિક ૨.૫ ટકા સુધી ખર્ચ ફીની મંજૂરી આપવામાં આવે છે. જો સેબી દરખાસ્ત સ્વીકારી લેશે તો અન્ય કેટલાક સેબમાં પણ ફેરફાર થશે.

સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

એક ભાઇના ઘરથી ઓફિસ જવાના રસ્તામાં આવતાં મંદિર સામે જોઇ હંમેશા બે હાથ જોઇ બે ઘડી રોકાઇ જતાં અને પછી આગળ ચાલતાં. ઘણાં વર્ષો આ નિયમ ચાલ્યો. એક વાર તે મંદિરને તોડી પાડવામાં આવ્યું. ત્યાં મેદાન બન્યું છતાં પેલાં ભાઇ બે ઘડી એ જ જગ્યાએ ઉભા રહીને બે હાથ જોડતાં અને આગળ વધતાં, થોડા સમય પછી એ જ જગ્યા પર એક શોપિંગ મોલ બન્યો. અને આદતવશ પેલાભા બે ઘડી હાથ જોડી શોપિંગ સેન્ટર સામે ઊભાં થઇ જતાં. એકધારાપણું ક્યારેક હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મુકી દે તે પહેલાં આદતોમાં પરિવર્તન લાવવું સારું. બાકી મને તો અકબરભાઇનો આ અંદાઝ ખૂબ ગમે છે -

"મનોરંજન કરી લઉં છું. મનોમંથન કરી લઉં છું
પ્રસંગોપાત જીવનમાં પરિવર્ત કરી લઉં છું
કિનારાથી જેમ સાગરની કદી જીવ્યું જાતું નથી
નિરંતર હું જીવનમાં કંઇને કંઇ હરકત કરી લઉં છું.
જીવનને આંગણે નીત નવાં મહેમાન આવે છે.
ખુશી આવે - ગમ આવે , પરોણાગત કરી લઉં છું."

- તારી સ્વાતિ

સંભવિત ટીમમાં યુવરાજ, હરભજન સામેલ

ટ્વેન્ટી વર્લ્ડકપ માટે ભારતની ૩૦ સભ્યોની ટીમ જાહેર થઈ

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા અને ભારતમાં કેન્સરની સારવાર લીધા બાદ સ્ટાર ખેલાડી યુવરાજસિંહનો આ વર્ષે સપ્ટેમ્બરમાં રમાનાર શ્રીલંકામાં વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ માટે ૩૦ સભ્યોની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પંજાબના સ્ટાર બેટ્સમેન મંદીપસિંહ જે આઈપીએલમાં કિંગ્સ ઈલેવન પંજાબ તરફથી રમે છે તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સંભવિત ૩૦ ખેલાડીઓની યાદીમાં અંબાટી રાયડુંનો પણ સમાવેશ કરાયો છે. ઉપરાંત ખરાબ ફોર્મના કારણે ઘણા સમયથી ટીમની બહાર રહેલા હરભજનસિંહનો પણ સમાવેશ કરાયો છે. યુવરાજસિંહ છેલ્લે નવેમ્બર ૨૦૧૧માં કોલકાતામાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ મેચમાં રમ્યો હતો જ્યારે યુવરાજ છેલ્લે એ વખતે એપ્રિલમાં શ્રીલંકા સામે વર્લ્ડકપ ફાઈનલમાં વન-ડેમાં રમ્યો હતો. ત્યારબાદથી યુવરાજ સતત સારવાર હેઠળ હતો. ૨૦૧૧માં યુવરાજની શ્વાસ લેવાની હમેશા તકલીફ રહી હતી. તબીબી ચકાસણી કરાતા યુવરાજને અસામાન્ય જર્મ સેલ કેન્સર હોવાની બાબત સપાટી ઉપર આવી હતી. ત્યારબાદ યુવરાજને લાંબા સમય સુધી અમેરિકામાં સારવાર લેવાની ફરજ પડી હતી. યુવરાજ ઈન્ડિયાના પોલીસના આઈઓ સિમોન કેન્સર સેન્ટરમાં ત્રણ મહિના સુધી રહ્યો હતો. એપ્રિલ ૨૦૧૨ની શરૂઆતમાં યુવરાજ ભારત પરત ફર્યો હતો. હાલમાં તે બેંગ્લોરમાં ટ્રેનીંગ લઈ રહ્યો છે. યુવરાજ વર્લ્ડકપમાં મેન ઓફ ધ સિરીઝ થયો હતો. ભારતીય સંભવિત ટીમ નીચે મુજબ છે.

ટીમ : મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, વિરાટ કોહલી, સુરેશ રૈના, આર અશ્વીન, પ્રજ્ઞાન ઓઝા, ઉમેશ યાદવ, અશોક ડિંડા, રહાણે, મનોજ ત્રિવારી, રાહુલ શર્મા, વિનય કુમાર, ઝહીર ખાન, યુવરાજસિંહ, રોબિન ઉથપ્પા, ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, મંદીપ સિંહ, પિયુષ ચાવલા, રવિન્દ્ર જાડેજા, શીખર ધવન, અંબાતી રાયડુ, હરભજનસિંહ, મુનાફ પટેલ, નમન ઓઝા, દિનેશ કાર્તિક, પ્રવીણ કુમાર અને બાલાજી.

રેલવે યાત્રીઓના ટૂંકમાં જ સંગીત સાંભળવા માટે તક

નવી દિલ્હી,તા. ૧૮

રેલવેમાં મુસાફરી કરતા યાત્રીઓને મનોરંજન પૂરું પાડવાના હેતુસર રેલવે દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે જેના ભાગરૂપે આજે રાજધાની અને શતાબ્દી જેવી પ્રીમિયર ટ્રેનોમાં મુસાફરી કરતા યાત્રીઓને કોચમાં ક્લાસીકલ સાઉન્ડ ટ્રેક સાંભળવા મળશે. ઉસ્તાદ બિસ્મિલ્લાખાન, ટી એન રાજારતનમ પિલ્લઈ અને પંડિત પન્નાલાલ ઘોષ જેવા મહાન કલાકારો તરફથી વગાડવામાં આવેલા ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝિક સાંભળવા મળશે. રાજધાની, શતાબ્દી, દુરન્ટો જેવી ટ્રેનોમાં યાત્રીઓને મનોરંજન ઉપલબ્ધ કરાવવામાં આવશે. રેલવે ઓલઈન્ડિયા રેલવે લાઈબ્રેરીમાંથી આની વ્યવસ્થા કરવા તૈયારી કરી ચૂક્યું છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આ ટ્રેનોમાં સંગીત વગાડવા ઓલઈન્ડિયા રેડિયો દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. ઉપરાંત ઉસ્તાદ બિસ્મિલ્લાખાનના શહનાઈ ટ્રેક અને ઉસ્તાદ અલાઉદીન ખાનના સરોદને પણ સાંભળવાની યાત્રીને તક મળશે. ઉપરાંત દ્વારા વેંકટસ્વામીના વાયોલીન પર અસામાન્ય રાગ પણ સાંભળવા મળશે. યાત્રીઓમાં અન્ય જે કલાકારો મનોરંજન આપનાર છે તેમાં ઉસ્તાદ અહેમદ જાન થીરખાવાના તબલાં, ડાગર બંદુઓ દ્વારા દ્રુપદ અને પંડિત નિખીલ બેનરજીના સંગીતને પણ સાંભળવાની તક મળશે.

અમરનાથના દર્શન માટે ૧૯૯૬ શ્રદ્ધાળુ રવાના

જમ્મુ, તા.૧૮

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત અમરનાથ ગુફામાં પવિત્ર શિવલિંગના દર્શન કરવા માટે આજે સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૧૯૯૬ શ્રદ્ધાળુઓની નવી ટુંકડી રવાના થઈ હતી. નવી ટુંકડીમાં ૧૩૯૨ પુરુષો, ૩૬૭ મહિલાઓ અને ૩૯ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૯૮ સાધુ સંતોનો સમાવેશ પણ થાય છે. આ તમામ શ્રદ્ધાળુઓ આજે સવારે પાંચ વાગે જમ્મુમાં ભગવતીનગર બેઝકેમ્પથી ૬૦ વાહનોના કાફલામાં રવાના થયા હતા. યાત્રીઓના આ કાફલાએ ટૂંકાગાળામાં જ કાશ્મીર ખીણમાં પહેલગામના બેઝકેમ્પથી આગે કૂચ કરી લીધી હતી. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ચંદરકોટેથી શ્રદ્ધાળુઓ આગળ નીકળી ચૂક્યા છે. આજની બેચ સાથે જ જમ્મુથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૮૦૬૪૬ થઈ ગઈ છે. દરમિયાન અમરનાથ યાત્રામાં વધુ બે શ્રદ્ધાળુના મોત થયા છે. આની સાથે જ મૃતાંક વધીને ૮૫ ઉપર પહોંચ્યો છે.

● સંસ્કાર ચિંતન

● બીજા પાનાનું અનુસંધાન

છે.' પૂ. બાપુ કહેતા, 'વસ્તુની કિંમત નહિ, તેનો મૂલ્યબોધ સમજવો જોઈએ.' એટલે કે શ્રમિક વર્ગ તરફનું આપણું વર્તન સમાનતાના ધોરણે થવું જોઈએ.

દેવો અથવા તો પ્રાકૃતિક તત્ત્વોના સંરક્ષણ માટે જાગૃત થવું જરૂરી છે. હવા-પાણી તથા પ્રકાશ દૂષિત થાય છે તેના કારણે અનેક નવા નવા રોગ આવે છે. વાતાવરણમાંથી પ્રદૂષણ ઓછું કરી પર્યાવરણને જાળવવું એ દેવોને ઉન્નતિ કરવા માટેની બાબત છે. ઊર્જાનો વેડફાટ કરવો, બિનજરૂરી ઊર્જા સાધનો વાપરવા ઈત્યાદિ પર કાબૂ રાખવો જોઈએ.

થોડાં વર્ષો અગાઉ આપણે ત્યાં ઘરેઘરમાં એવો રિવાજ હતો કે રસોઈના પ્રારંભે ગાય-કૂતરા માટે ચાનકી થાય, ગામના સાધુ માટે અલગ રોટલો રંધાય, કેટલાક ગૃહસ્થો થાળીમાંતી 'ગોગ્રાસ' અલગ કરતા. આ દયાભાવ ન હતો પણ આપણા ભોગમાં સૌનો ભાગ છે. તે ભાગ તેઓને સમર્પિત કરવાની ભાવના હતી. આ પ્રમાણે ભાગ જે નથી કાઢતા, જે લોકો પોતાના એકલા માટે જ રસોઈ પકાવે છે તે તો 'પોતાનું પાપ જ જમે છે' તેમ પણ ગીતા કહે છે. ઉપનિષદ તથા મહાભારતમાં પણ એકલા જમવા બેસવું. અતિથિને ન જમાડવા, નોકર-ચાકર તથા આશ્રિતજનોને પૂરતા પ્રમાણમાં અન્ન પુરું ન પાડવું એ દોષ ગણાવાયા છે. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે તો પોતાના પશુઓને પૂરતો ચારો નીર્યા પછી ખેડૂતે અન્ન ગ્રહણ કરવું તેમ જણાવ્યું છે.

સદાચાર એ જીવન વ્યવહારના પાયામાં છે. સમાજના સૌ સાથે સમાનતાનો વ્યવહાર ચાલે. પ્રેમપૂર્વક સૌ સાથે મળી શ્રમ કરે, એકબીજાના સુખદુખમાં ભાગીદાર થાય તો સમાજમાં શાંતિ તથા ઉન્નતિ સધાય. પૂ. બાપુની સાયંપ્રાર્થના વખતે ઘણીવાર આ સૂત્ર બોલાતું, 'યહ નહિ મેરા, યહ નહિ તેરા, ઈશ્વર કા યહ રાજ હૈ, ફોગટ ખાવે ચોર કહાવે, ગીતા કી આવાઝ હૈ.'